## મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલત ના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી (સીની.સીવીલ જજ સાહેબ)ની કોર્ટમાં, મુ.અમદાવાદ

ફોજદારી કેસ નં.૮૦/૨૦૧૯
આંક–૮

ફરીયાદી ::– **નામદાર સરકારશ્રી તરફે શ્રી એન.આઈ.મેવાસી,**
કારખાના નિરીક્ષક,
૩/૫ મો માળ, શ્રમભવન, ખાનપુર, અમદાવાદ.

– : : વિરુધ્ધ : : –

આરોપી ::– **શ્રી અનિલ જે.અગ્રવાલ (કબજેદાર),**
**શંભુ ટેક્ષટાઈલ મીલ્સ પ્રા.લી.,**
કાશીરામ મીલ કમ્પાઉન્ડ, રાણીપુર, નારોલ, અમદાવાદ
ઠે.વિમલ સદન, કેતન ઓટોની સામે, આંબાવાડી, અમદાવાદ

ગુનો :– કારખાનાધારા ૧૯૬૩ ના નિયમ–૯૪(૨), ૫ ના ભંગ બદલ કલમ–૯૨ મુજબ શિક્ષા પાત્ર ગુનો કરવા બાબત...

–:: ઠ રા વ ::–

(૧) નામ.ગુજરાત હાઈકોર્ટના નોટીફીકેશન નં.એ.૩૬૦૮/૨૦૧૫, તા.૨૩/૦૬/૨૦૧૭ અન્વયે ફોજદારી કેસો ચલાવવાની સત્તા સીવીલ જજ તથા જયુ.મેજી.ફ. ક.ને મળતા સદરહું ફોજદારી કેસ અત્રેની મજુર અદાલતમાં દાખલ થતા,સદરહું ફોજદારી કેસને ફોજદારી કેસ નં.૮૦/૧૯ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, ફરીયાદી કારખાના ધારા–૧૯૪૮ ની કલમ–૮(૧) અન્વયેના કારખાના નિરીક્ષક છે. ફરીયાદીએ તા.૨૪/૧૦/૨૦૧૮ ના રોજ કારખાનાની તપાસ કરતા, આરોપીએ પગાર સહિતની રજાનુ પત્રક નમુના નં.૧૮ મુજબ તપાસણી સમયે માંગવા છતાં રજુ નહી કરીને તેમજ કામદારોના કામ કરવાની વિગતો,તેમને ચુકવવામાં આવતો પગાર, કાયદેસરની કપાતો અને અન્ય વિગતો દર્શાવતુ પગારપત્રક નિગત નમુના નં.૨–એ મુજબ નહી બનાવી આરોપીએ ગુજરાત કારખાના ધારા ૧૯૬૩ ના નિયમ–૯૪(૨), ૫ ના ભંગ બદલ કલમ–૯૨ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરીયાદ શ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૩) ઉપરોકત સંદર્ભની ફરિયાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦(૧)(એ) મુજબ ફરિયાદીએ રજૂ કરતા સબંધિત કોર્ટ ધ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦(એ) વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદ માં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૪) અત્રેની અદાલત ધ્વારા આ કામના આરોપી સંસ્થા તથા તેના જવાબદાર વ્યકિતને સમન્સ કરતા, આરોપી સંસ્થા વતી તેમના ઓથોરાઈઝડ પર્સનશ્રી **વસંત કાળીદાસ કીરી** જાતે અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે અને તેઓનો ઓથોરીટી લેટર રજુ કરેલ છે, ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ, ત્યારબાદ તેઓની પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરેલ છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો /સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી

ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામા ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૫) આ કામે તહોમતદારના ઓથોરાઈઝડ પર્સન શ્રી **વસંત કાળીદાસ કીરીએ** ગુન્હાની કબુલાત પુરશીસ રજુ કરતા આરોપીને સમજાવવામા આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગ મા લેવાશે આમ છતા તેઓ તમો તોહમતદાર વતી હાલનો ગુનો કબુલ કરતા હોવાનું જણાવે છે, ત્યારબાદ તહોમતદાર વતી તેમના ઓથોરાઈઝડ પર્સન શ્રી **વસંત કાળીદાસ કીરી**ની પ્લી રેકર્ડ કરવામા આવતા તેમા પણ તેઓ આ કામે તહોમતદાર કંપનીના ઓથોરાઈઝડ પર્સન તરીકે હાલનો ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે. આમ આ કામે તહોમતદાર કંપની તેમના ઓથોરાઈઝડ પર્સન વતી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનુ જણાય છે.

(૬) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતાં તમેજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરલે રજુઆત મુજબ તેમના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને આરોપીને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપી ને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામા આવેશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોટર્નુ માનવુ છે.સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટટે ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.–૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતાં,હાલના આરોપી વિરુધ્ધ ગુનો સાબીત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

૧) આ કામે આરોપી/સંસ્થાને ક્રિ.પ્રો.કો.ક.૨૫૨ અન્વયે કારખાનાધારા ૧૯૬૩ ના નિયમ–૯૪ (૨), ૫ ના ભંગ બદલ કલમ–૯૨ હેઠળ તકસીરવાન ઠરાવીને આરોપીને દંડ રૂા.૨૦૦૦/– × નિયમ ૨ × આરોપી ૧ એમ કુલ મળી રકમ **રૂા.૪૦૦૦/– (અંકે રૂપિયા ચાર હજાર પુરા)** નો દંડ અને જો દંડ ન ભરે તો દિન–૩૦ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજરોજની નેશનલ લોકઅદાલત દરમ્યાન યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૩/૦૫/૨૦૨૩
સ્થળ : અમદાવાદ.

**(વિજયસિંહ ભાવસિંહ ચૌહાણ)**
**CODE : GJ01045**
**એડિશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**લેબર કોર્ટ, અમદાવાદ**